કેસ રજુ તારીખ : ૨૨/૧૨/૨૦૧૭
કેસ દાખલ તારીખ : ૨૨/૧૨/૨૦૧૭
કેસ ફેસલ તારીખ :૧૫/૦૯/૨૦૧૮
વર્ષ:૦ માસ:૦૮ દિવસ:૨૩

:-----------------------------------

**મે.એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૦,અમદાવાદ.**

-----------------------------------

**ક્રિમી.કેસ નં.૮૦૪૫૫/૧૭**

**આંક :૯**

ફરીયાદી : સ્ટેટ ઓફ ગુજરાત

વિ.

આરોપીઓ : (૧) બંદીશભાઈ અજયભાઈ વિષ્ણુભાઈ ખત્રી
રહે:ઘ.નં.૧૬૯,મોટી મહેતાપોળ, વાડીગામ
અમદાવાદ.
(૨) મીતભાઈ હીતેન્દ્રભાઈ પટેલ.
રહે: મં.નં. ૧૨૮, નાની મહેતાપોળ, વાડીગામ
અમદાવાદ.
(૩) કુંજલભાઈ ઉર્ફે કે.પી.મહેશભાઈ પટેલ
રહે: મ.નં.૫,યોગેશવર સોસાયટી,
શાહપુર દરવાજાની બહાર, માધુપુરા,
અમદાવાદ.

ગુન્હો : ઈ.પી.કો.કલમ- ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબ.

-----------------------------------

સરકાર પક્ષે વિ. એ.પી.પી. શ્રી .ડી.એમ.રાવલ
આરોપીઓ પક્ષે વિ. વ. શ્રી .એ.આર.પાલ.

-----------------------------------

**-: જજમેન્ટ :-**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના

આરોપીઓ તા. ૧૦/૫/૧૭ ના કલાક: ૧૯–૦૦ વાગે ભારત ક્રિષ્ણાબેકરી ની ગલીમાં દીલ્હી દરવાજા તથા કે.પી.ની ઓફીસ , કોટની રાંગ ના દરીયાપુર,અમદાવાદ ખાતે પોતાની ઓફીસમાં ફરીયાદી તથા તેઓના પતીને જેમ ફાવે તેમ બિભત્સ ગાળો બોલી તથા મારા મારી કરી , મોઢાના ભાગે , લાફા મારી , ફરીયાદી તથા તેમના પતિને આ કામના આરોપીઓ એક સંપ થઈ , જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય ,તે મતલબનો ગુન્હો કર્યા અંગેની ફરીયાદ ફરીયાદી એ રામોલ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત. ક. અમલદારે ફરીયાદ નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈઆવતા ચાર્જશીટ અત્રેની અદાલત માં કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને સમન્સની કાયદેસરની બજવણી થઈ જતા તેમના વિ. વકીલશ્રી મારફત હાજર થયેલ છે. ક્રિ. પ્રો. કોડની કલમ– ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીઓને મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ,ફરીયાદ પક્ષે કરવામાં આવેલ આક્ષેપોની વિગતવારની સમજુતી આપ્યા બાદ આંક–૨ થી તહોમતનામું ફરમાવી, આંક:૩ થી આરોપીઓનો સંયુકત જવાબ રેકર્ડ કરતા તેમણે ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના પુરાવા રજુ છે.

**(અ) <u>મૌખિક પુરાવો :</u>**

આંક–૪ થી ફરીયાદી શનિબેન શૈલેષભાઈ દત્ત ની જુબાની

આંક:૬ થી શાહેદ શૈલેષભાઈ જયંતીભાઈ દત્ત ની જુબાની.

**(બ) <u>દસ્તાવેજી પુરાવા :</u>**

આંક–૫ થી ફરીયાદ

આંક:૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું

(૪) ફરીયાદપક્ષ તર્ફે ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ ફરીયાદ પક્ષે આંક–૮ થી પુરાવો બંધ કર્યાની પુરસીસ રજુ કરવામાં આવેલ છે.આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજુ રાખવામાં આવેલ નથી. વધુમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ અન્વયે આરોપીઓનું નિવેદન નોંધવા પુરતો પુરાવો રેકર્ડ ઉપર નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રી ની દલીલો સાંભળી.

(૫) ફરીયાદના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે આ કામના આરોપીઓએ આ કામના આરોપીઓ તા. ૧૦/૫/૧૭ ના કલાક: ૧૯–૦૦ વાગે ભારત ક્રિષ્ણાબેકરી ની ગલીમાં દીલ્હી દરવાજા તથા કે.પી.ની ઓફીસ , કોટની રાંગ, દરીયાપુર અમદાવાદ ખાતે પોતાની ઓફીસમાં ફરીયાદી તથા તેઓના પતિને જેમ ફાવે તેમ બિભત્સ ગાળો બોલી તથા મારા મારી કરી , મોઢાના ભાગે , લાફા મારી , ફરીયાદી તથા તેમના પતિને આ કામના આરોપીઓ એક સંપ થઈ , જાનથી મારી નાંખવાની ધમકી આપી ઈ.પી.કો.કલમ– ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબનો શીક્ષા ને પાત્ર ગુનો કરેલો છે?

(૨) શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહી તેઓનો કેસ સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ નો સ્વીકૃત સિધ્ધાંત છે.

-: કા ર ણો :-

(૭) સદરહું ગુનાના આક્ષેપો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આંક:૪ થી ફરીયાદી શનીબેન શૈલેષભાઈ દત્ત નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓના પતિએ આજથી ચારેક વર્ષ પહેલાં કેપીટલ ફર્સ્ટ નામની ફાઈનાન્સ કંપની ની લોનથી એક સીબીઝેડ મોટરસાયકલ ખરીદ કરેલ. જેનો એક હપ્તો ચુકવવાનો બાકી હોય , તે બાબતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. આરોપીઓએ તેઓને ગાળો બોલી , માર મારેલ હોય અને મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નહી. બનાવ અંગેની તેઓએ ફરીયાદ આપેલી. ફરીયાદ જોઈને તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. ફરીયાદ આંક: ૫ થી રજુ છે. આમ સદરી શાહેદ તેઓની ફરીયાદ હકીકતથી તદ્દન વિરોધાભાસી જુબાની આપતાં હોય તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા શાહેદ જાહેર કરવામાં આવેલ છે. જયારે બચાવ પક્ષે કરેલ ઉ.ત.માં તેઓને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે. અને તેઓને આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી. હવે તેઓ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેમ જણાવે છે.

(૮) તેવી જ રીતે ફરીયાદ પક્ષે આંક:૫ થી શાહેદ શૈલેષભાઈ જયંતીભાઈ દત્ત જુબાની આપી જણાવે છે કે આ કામના આરોપીઓ સાથે મોટરસાયકલના હપ્તા ચુકવવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. આ કામના આરોપીઓએ તેઓને ગાળો બોલી માર મારેલ હોય કે મારી નાખવાની ધમકી

આપેલ હોય તેવું બનેલ નહી. ફરીયાદ પક્ષે સદરી શાહેદોને ફરી ગયેલા શાહેદો જાહેર કરવામાં આવેલ છે. જયારે બચાવ પક્ષે કરેલ ઉ.ત.માં તેઓને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે. અને તેઓને આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી. હવે તેઓ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેમ જણાવે છે.

(૯) આમ સમગ્ર પુરાવો વંચાણે લેતાં જયારે આ કામના ફરીયાદી જ તથા શાહેદ ફરી ગયેલા શાહેદો હોય અને આ કામના આરોપીઓ સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું જણાવતાં હોય અને આરોપીઓએ તેઓને કોઈ ગાળો આપેલ હોય કે માર મારેલ હોય કે ધમકી આપેલ હોય તેવું બનેલ નહી તેમ જણાવતાં હોય અને ઉ.ત.માં આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોવાનું જણાવી હવે તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેમ જણાવતાં હોય ત્યારે બનાવ બનેલ હોવાનું જણાઈ આવે છે પરંતુ આ કામના આરોપીઓએ જ મોટરસાયકલના હપ્તા બાબતે પોતાની ઓફીસમાં ફરીયાદી તથા તેઓના પતિને જેમ ફાવે તેમ બિભત્સ ગાળો બોલી તથા મારા મારી કરી , મોઢાના ભાગે , લાફા મારી , ફરીયાદી તથા તેમના પતિને આ કામના આરોપીઓ એક સંપ થઈ , જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવો ફરીયાદ પક્ષનો કેસ રેકર્ડ ઉપરના પુરાવાથી નિ:શંકપણે સાબીત થયેલ નહોય, મુદૃા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદૃા નં.ર અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુકમ</u> : -**

૧... આ કામના આરોપીઓ: (૧) બંદીશભાઈ અજયભાઈ વિષ્ણુભાઈ ખત્રી રહે:ઘ.નં.૧૬૯,મોટી મહેતાપોળ, વાડીગામ,અમદાવાદ. (ર) મીતભાઈ હીતેન્દ્રભાઈ પટેલ. રહે: મં.નં. ૧ર૮, નાની મહેતાપોળ, વાડીગામ,અમદાવાદ. (૩) કુંજલભાઈ ઉર્ફે કે.પી.મહેશભાઈ પટેલ,રહે: મ.નં.પ,યોગેશવર સોસાયટી,

શાહપુર દરવાજાની બહાર, માધુપુરા,અમદાવાદ.નાઓને ક્રિ.પ્રો. કોડ ની કલમ– ૨૪૮(૧) અન્વયે ઈ. પી. કોડ ની કલમ:૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨) ૧૧૪ મુજબના શીક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

૨... આરોપીઓ ના જામીન તથા પર્સનલ બોન્ડ અપીલ સમય સુધી લંબાવવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૫ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૮ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(દિગ્નેશ કનૈયાલાલ સોની)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૦,અમદાવાદ.
GJ-00729